સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૩૦-૬-૨૦૦૦ ના

રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો:-

:-:-:-:-:-:

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૨૩-૬-૨૦૦૦ ના પત્ર નં.સીમીસ./૮/૧૯ થી વિદિત થઈ, તેમાં જણાવ્યા મુજબ, નગર નિયોજન સમિતિના ઠ.નં. ૬૩/૯૯ થી નગર રચના યોજના નં.૪૮ (ભેસ્તાન) )ને તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવેલ અને તેની પ્રસિધ્ધી સરકારશ્રીના અસાધારણ રાજયપત્રમાં તા.૩૦-૧૦-૯૯ ના રોજ તેમજ સ્થાનિક દૈનિકપત્રો "નવ ગુજરાત ટાઈમ્સ" અને "સંદેશ"માં તા.૦૨-૧૧-૯૯ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ, ૧૯૭૬ તથા તેના નિયમો,૧૯૭૯ ની જોગવાઈઓ મુજબ નગર રચના યોજનાનો મુસદ્દો તૈયાર કરી યોજનાથી અસર પામતા હિત સંબંધ ધરાવનારાઓની દરખાસ્ત અંગેની સમજુતિ આપવા એક સભા સુરત મહાનગરપાલિકાના ગાંધીખંડમાં તા.૧૯-૫-૨૦૦૦ ના રોજ બપોરે ૧૨.૩૦ કલાકે રાખવામાં આવેલ હતી અને હાજર રહેલા તમામને દરખાસ્ત અંગે સમજ આપવામાં આવી હતી તથા દરખાસ્ત અંગે યોગ્ય સુચનો કે વાંધાઓ તથા જરૂરી માહિતી રજુ કરવા જણાવવામાં આવેલ. આવેલ વાંધા/સુચનો અભ્યાસ કરી ઉકત કાયદાની જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી કરી આવેલ વાંધા/સુચનોને ધ્યાને લઈ મૂળ દરખાસ્તમાં જરૂરી સુધારા/વધારા કરી મુસદ્દારુપ નગર રચના યોજના નં.૪૮ (ભેસ્તાન) તૈયાર કરવામાં આવેલ છે. આ સ્કીમ વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનોના જમીન માલિકો/હિતસંબંધ ધરાવનારી વ્યકિતઓ પાસેથી વાંધા/સુચનો મેળવવા માટે ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ-૪૨ (૧) તથા કલમ-૪૭ મુજબની કાર્યવાહી કરવાની રહે છે તથા આ યોજનાની દરખાસ્તથી અસર પામતી કોઈપણ વ્યકિતઓ યોજના સંબંધમાં કોઈપણ લેખિત વાંધા/સુચનો આ પ્રસિધ્ધી સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની મુદતમાં સુરત મહાનગરપાલિકાને મોકલી આપવાના રહે છે, તેમજ આ નગર રચના યોજનાને ગુજરાત નગર રચના યોજના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ ૪૨ (૧) અને અધિનિયમોના નિયમો, ૧૯૭૯ નાં નિયમ-૧૮ અન્વયે જાહેર સ્થળોએ તેમજ તે માટેનાં અધિસુચનની પ્રસિધ્ધી સરકારી રાજયપત્રમાં તથા સ્થાનિક વિસ્તારમાં બહોળો ફેલાવો ધરાવતા કોઈપણ બે વર્તમાનપત્રમાં એક વખત પ્રસિધ્ધ કરવાની તેમજ સ્કીમ વિસ્તારમાં જાહેર સ્થળોએ પ્રસિધ્ધ કરવાની જરુરિયાત રહે છે.

....૨....

તેથી ધી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની ઉપરોક્ત જોગવાઈઓ મુજબ નગર રચના યોજના નં.૪૮ (ભેસ્તાન) ને પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવાની મંજુરી આપવાનું તથા સરકારશ્રીમાં જરુરી પત્રવ્યવહાર કરવા મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

**ઠરાવ નં.૫૯/૨૦૦૦ સર્વાનુમતે મંજુર.**

**સ. ર. મ્યુ.કમિશ્નરશ્રી પ્રતિ,**

**ઈન્ચા.સેક્રેટરી,**
**સુરત મહાનગરપાલિકા**
**તા. ૧-૭-૨૦૦૦.**

MC/SMC
-૭-૨૦૦૦

નં. સીમીસ/ ૮/૬/૨૭
તા. ૪/૭/૨૦૦૦

વાદિમા/-

No. ૭૩
૪/૭/૨૦૦૦

ઠરાવ ... ૨૦૦૦/ ...પાના નં. ...
... ૨૨ શ્રી નોંધ કરી.
નોંધણી કર્લાર્ક.